ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0



વિસ્તરતું પાથરણા બજાર - શહેરના આંતરિક માર્ગો પર ખાસ કરીને સેક્ટર-૨૧, ૨૨ અને સેક્ટર-૨૪ના માર્ગો પર ગોઠવાતું પાથરણા બજાર હવે ઘ-માર્ગ પર પણ વિસ્તરતું જાય છે... પાથરણા બજારના કારણે ગ્રાહકો આડેધડ પાર્કિંગ કરી ખરીદીમાં વ્યસ્ત બને છે તેના પગલે મુખ્ય માર્ગ પરનો ભારે ટ્રાફિક અટવાય છે... વિસ્તરતા પાથરણા બજારને શરૂઆતના તબક્કામાં જ તંત્ર દ્વારા જો નિયંત્રિત કરાશે તો આવતીકાલે વિકરાળ બનનારી સમસ્યા આજે સમયસર આરંભિક તબક્કામાં ઉકલી જશે... (તસવીર : કશ્યપ નિમાવત)

# આકરી ગરમીમાં શહેરમાં પાણીના વપરાશમાં ૭ એમએલડીનો વધારો

## શહેરીજનો રોજ ૫૭ એમએલડી પાણી વાપરે છે

ગાંધીનગર, તા. ૫

આકરી ગરમીના દિવસોમાં શહેરમાં પાણીના વપરાશમાં પ્રતિદિન ૭ એમ એલ ડી નો વધારો થયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. આડા દિવસોમાં અંદાજિત ૫૦ એમ એલ ડીનો વપરાશ રહે છે. જયારે ગરમીમાં પાણીની જરૂરીયાત વધતાં પાણીનો ઉપયોગ વધી ગયો છે. પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવ્યા બાદ સેકટરોની શેરીઓમાંથી ઉદભવતી પાણીની પોકારો પણ પ્રમાણમાં શાંત પડી ગઈ હોવાનો એકરાર તંત્રએ કર્યો છે. જો કે હજુ ગ્રામ્ય વિસ્તારમાં પાણીની પેચીદી સમસ્યા હજુ હલ થઈ નથી.



શહેરમાં વિકાસના અનેકવિધ કામોની સાથે વસતીનુ પ્રમાણ પણ વધતા રોજ વપરાશમાં લેવાતા પાણીની જરૂરીયાત પણ વધી છે. જેને ધ્યાને લઈ ચાર વર્ષ પૂર્વે પાણી વિતરણ વ્યવસ્થા પણ તંત્ર દ્વારા અપગ્રડ કરવામાં આવી છે. પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સે ૫ માં પાણીની નવી ટાંકી પણ બનાવવામાં આવી છે. દાયકાઓ જુની પાઈપલાઈન પણ બદલાતા સેકટરવાસીઓને પ્રમાણમાં ફાર્સથી પાણી અપાતુ હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવી રહયો છે.હાલ ઉનાળાની આકરી ગરમી શરુ થતા પાણીના વપરાશમાં નોધપાત્ર વધારો થયો છે. આડા દિવસોમાં શહેરમાં રોજનુ અંદાજિત ૫૦ એમ એલ ડી પાણી વપરાય છે. જયારે ગરમીનો પારો ઉંચો આવતા પાણીના દૈનિક વપરાશમાં પણ ૭ એમ એલ ડી નો વધારા થવા પામ્યો છે.

# કોંગી ધારાસભ્ય અમીત ચૌધરી બસમાં બેસી ગાંધીનગર આવ્યા

## ગ્રામ્ય વિસ્તારમાં માંગના પ્રમાણમાં ઓછા રૂટ છે : લાંબા અંતરની એક્સપ્રેસ બસોમાં આકરી ગરમીના દિવસોમાં તંત્રે પાણીની સુવિધા આપવી જોઈએ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના માણસા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય શ્રી અમીત ચૌધરીએ આજે માણસાથી ગાંધીનગર સુધી બસમાં બેસી મુસાફરી કરી બસ સેવા અંગે લોકોની વેદનાને જાણી હતી.



આજે સવારે પોતાની ગાડી પરિવારના કામ માટે બહાર ગઈ હતી પરંતુ હિંમતપુરાની પાણીની સમસ્યા માટે કલેક્ટર કચેરીમાં રજુઆત માટે આવવાનુ હતુ. આથી શ્રી અમીતભાઈ માણસા ડેપોથી બસ પકડીને ગાંધીનગર આવ્યા એટલુ જ નહિ ડેપોથી કલેક્ટર કચેરી ચાલીને ગયા અને પોતાના વિસ્તારની રજુઆતો માટે કલેક્ટરશ્રી તેમજ સંબંધિત અધિકારીઓને મળ્યા હતા.

સવારે ૧૦.૧૫ વાગે માણસાથી જામનગર બસમાં શ્રી અમીતભાઈ ચૌધરી સવાર થઈ ગયા હતા અને ૧૦.૩૫ થી ૧૦.૪૦ની વચ્ચે ગાંધીનગર આવી પહોંચ્યા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે બસમાં પ્રવાસ કરવાથી મારા મતવિસ્તારના લોકોને પડતી બસની તકલીફોનો મને ખ્યાલ આવ્યો છે અને હવે દર મહિને એક વખત બસમાં મુસાફરી કરવાનો મેં નિર્ણય કર્યો છે. શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે આજે એક્સપ્રેસ બસ મળી જતાં તેમાં મુસાફરી કરી છે પણ હવે લોકલ બસમાં પ્રવાસ કરીશ.

ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યુ હતુ કે ગ્રામ્ય વિસ્તારમાં બસોના રૂટ ખુબ ઓછા છે તેમજ શિક્ષણના સાર્વત્રિકરણની વાતો કરતી સરકાર વિદ્યાર્થીઓ જે ગ્રામ્ય વિસ્તારમાંથી આવે છે તેમને પડતી બસની તકલીફ વિશે કેમ વિચારતી નથી એ મને સમજાયુ નથી અને આ મુદ્દો તેઓ ગૃહમાં સત્ર દરમ્યાન રજુ કરશે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે ગાંધીનગરમાં સાયકલ રેલી યોજાશે

## સવારે ૭ વાગે જુના સચિવાલય બસ સ્ટેન્ડ સામેથી મેયર હંસાબેન મોદી રેલીને પ્રસ્થાન કરાવશે : સાયકલીસ્ટ અભિષેક શર્મા અને ડેનિયલ ફેઝુલરી ભાગ લેશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના આંગણે બે વિશેષ અતિથિઓ મહેમાન બન્યાં છે. ઉત્તરપ્રદેશના સાયકલ પ્રવાસી અભિષેકકુમાર શર્મા અને અમેરિકાના ન્યુયોર્કથી આવેલ સાયકલીસ્ટ ડેનિયલ ફેઝુલરી ગાંધીનગરની જી-૩ સાયકલ ક્લબ દ્વારા આ બંને સાયકલીસ્ટો સાથે મળીને તા. ૬ઠ્ઠી મે બુધવારે સવારે ૭ વાગે 'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ રેલી જુના સચિવાલય પીકઅપ બસ સ્ટેન્ડ સામેથી મેયર હંસાબેન મોદી દ્વારા પ્રસ્થાન કરાવાશે. સાયકલ રેલી ચ-રોડ પરથી ચ-૦ થઈને ઘ-૦, ઘ-૪ થઈને મહાત્મા મંદિર સુધી જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સાયકલીસ્ટ અભિષેકકુમાર શર્મા અને ડેનિયલ ફેઝુલરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત દેશભરમાં સાયકલ પ્રવાસે ફરી સ્વચ્છતા અને પર્યાવરણ જાગૃતિનો સંદેશ ફેલાવી રહ્યાં છે. આ રેલીમાં જોડાવા નગરજનોને જી-૩ ક્લબે અનુરોધ કર્યો છે.

# અમિત શાહ આજથી ગુજરાતની મુલાકાતે

અમદાવાદ, તા.૫

ભારતીય જનતા પાર્ટીની સભ્ય નોંધણી ઝૂંબેશમાં એક હજારથી વધુ સભ્યોની નોંધણી કરનાર ભાજપના કાર્યકરોનું તા.૮મીએ બહુમાન કરવા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ આવતીકાલ બુધવારથી રાજ્યના ત્રણ દિવસની મુલાકાતે અમદાવાદ આવી પહોંચશે.અમદાવાદ હવાઈમથકે સાંજે આવી પહોંચનારા અમિત શાહને આવકારવા ભાજપના નેતાઓ, મંત્રીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકરો ઉમટી પડશે.ભાજપના સુત્રોના જણાવ્યા મુજબ, અમિત શાહ ખાસ કરીને તેમના મતવિસ્તાર નારણપુરાના કાર્યકરો સાથે બે દિવસનો મહત્તમ સમય પસાર કરશે.

# શહેરના પાંચ પે એન્ડ યુઝ શૌચાલયોની જવાબદારી આખરે મનપાને સોંપાઈ

## નગરના તમામ શૌચાલયોની જવાબદારી હવે કાર્પોરેશનના શીરે

ગાંધીનગર, તા ૫

શહેરના ૫ શૌચાલયો આખરે ગુડાએ કોર્પોરેશનને સોંપી દીધા છે. અત્યાર સુધી આ શૌચાલયોનુ સંચાલન ગુડા દ્વારા કરવામાં આવતુ હતુ. જયારે હવે આ શૌચાલયોની દરકાર લેવાની જવાબદારી કોર્પોરેશનના શીરે રહેશે.લાંબા સમયના અંતે શૌચાલયોની જાળવણીના મામલે આખરી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ગાંધીનગરમાં ખુલ્લામાં થતી શૌચક્રીયા અટકાવવા માટે તંત્ર દ્વારા અગાઉ લાખો રુપિયાના ખર્ચે શૌચાલયો બનાવવામાં આવ્યા હતા. શહેરમાં વિવિધ ઠેકાણે સ્થિત આ શૌચાલયોને લોકઉપયોગી બનાવવા અગાઉ ગુડાને જવાબદારી સોંપવામાં આવી હતી. જેના અંતે સે-૨૧,ઈન્ફોસીટી,સિવિલ કેમ્પસ, સહિતના પાંચ જેટલા પે એન્ડ યુઝ શૌચાલયોની દરકાર ગુડા કક્ષાએથી લેવાતી હતી. બીજીતરફ અન્ય શૌચાલયો વર્ષો સુધી બિનઉપયોગી હાલતમાં રહયો હતા. અલબત્ત આ શૌચાલયોને તાળાબંધી કરી દેવાતા આમ નાગરીકોમાં પ્રબળ રોષ પ્રવર્તયો હતો.લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા શૌચાલયોનો કોઈ હેતુ સરતો ન હતો.સેકટરોમાં ખદબદતી ગંદકીના લીધે આમ નાગરિકોમાં આક્રોશ પ્રવર્તયો હતો.શૌચાલયના મામલે લાંબા સમય સુધી કોઈ નક્કર નિર્ણય ન લેવાતા બંધ શૌચાલયો બિસ્માર બન્યા હતા. જેના લીધે કેટલાક ઠેકાણે રિનોવેશન કરવાની નોબત આવી હતી. આખરે થોડા સમય અગાઉ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક કાર્પોરેશનને સોંપી દેવાયા હતા. જયારે અન્ય ટોઈલેટ બ્લોકની જવાબદારી ગુડાને સોંપવામાં આવી હતી. તે પણ હવે કોર્પોરેશનને સોંપી દેવાયા છે.જેમાં સે-૨૧ જીમખાના , શાકમાર્કેટ સામે સ્થિત ટોઈલેટ બ્લોક ઘ-૦ વનચેતના કેન્દ્ર તેમજ સિવિલ કેમ્પસના શૌચાલયની જવાબદારી પણ ગત તારીખ ૩૦ એપ્રિલથી મહાનગરપાલિકાને સોંપી દેવામાં આવી છે. કોર્પોરેશન દ્વારા આ શૌચાલયોની જવાબદારી સંભાળવા ગત તા ૨૩ સપ્ટેમ્બરના પત્રથી માંગણી કરી હતી.






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com